ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૨-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### જમીન સંપાદન બિલ મોદીને મોંઘુ પડશે

નરેન્દ્ર મોદી સરકાર માટે ભૂમિ અધિગ્રહણ સંશોધન વટહુકમ શિરદર્દ સમાન બની રહેલ છે. ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાના આશયથી જમીન મામલે ગાડું ઘોંચમાં ન પડે એ પ્રકારનો કાનૂન બનાવવા માગતા વડાપ્રધાને આ બિલ લાવતાં અણ્ણા હજારે જેવા ભુલાઇ ગયેલા ભૂતને જીવતદાન સાંપડશે, એવી તો કલ્પના સુદ્ધાં નહીં કરી હોય. મોદીએ ખેડૂતોની સહમતી વગર અને એમને અદાલતમાં જવા દેવાની પરવાનગી નહીં આપતા જમીન સંપાદન સંશોધન વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવાની બાબતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો છે. તેઓ માને છે કે આ ખરડો તો ખેડૂતોના હિતમાં લાવવામાં આવી રહ્યુ છે. અગાઉની યુપીએ સરકારના જમીન સંપાદન કાયદામાં ઓછામાં ઓછાં સિત્તેર ટકા ખેડૂતોની સહમતિ પછી જ જમીન સંપાદન થઇ શકે, એવી વ્યવસ્થા હતી. ઉદ્યોગપતિઓ માટે આ બાબત નડતરરૂપ હતી, એથી એમને નવી સરકાર પાસેથી કદાચ ચૂંટણી ફંડ આપતી વેળાએ જ આ નડતર દૂર કરવાનું વચન માગી લીધું હતું. મોદીને ખેતી સાથે નાહવા-નિચોવવાનો સંબંધ નથી. એથી ખેડૂતોનું હિત કયાં સમાયેલું છે અને ખેડૂતને એની જમીન સગી માતા જેટલી વહાલી હોય છે, એ બાબત કદાચ એ ન સમજી શક્યા હોય એ બનાવાજોગ છે. કોંગ્રેસ સહિત તમામ ખેડૂતલક્ષી પાર્ટીઓ આ કાનૂન રોકવા કટિબદ્ધ બનેલ છે. બેઉ સદનોમાં ભારે હોબાળો મળી રહ્યો છે અને કોંગ્રેસ પાર્ટી આ મુદ્દે કયારેય મચક નહીં આપે અને એ માટે અનિયતકાલિક ધરણાં કરનાર હોવાનું પણ જાણવા મળે છે. શરદ યાદવ જેવા જૂના જોગીએ ભાજપને આ બિલ સત્વરે પરત લઇ લેવા સલાહ આપી છે અને કહ્યું છે કે જમીન સાથે ચેડા કરનાર પાર્ટીને એનાં માઠા ફળ ભોગવવા પડશે. ખેતી એ દેશનો સૌથી મોટો ઉદ્યોગ છે. ઉદ્યોગપતિઓના લાભાર્થે ખેતીનું નિકંદન કાઢવા માગતી સરકારને પ્રજા માફ નહીં કરી શકે કારણ કે ખેડૂતોની જમીન ખૂંચવી લેવી તે એમનો રોટલો ખૂંચવી લેવા જેવું ગણાશે. પ્રાદેશિક પાર્ટીઓ પૈકી એકમેકની તદ્દન વિરુદ્ધ રહેનારા માયાવતી અને મુલાયમસિંહથી લઇ ખુદ એનડીએના મહત્ત્વના ઘટક પક્ષો અને મંત્રીમંડળમાં સામેલગીરી ધરાવતાં પરીબળો - શિવસેના અને શિરોમણિ અકાળીદળે કેન્દ્ર સરકારને આ મુદ્દે સહયોગ નહીં આપવાની જાહેરાત કરતાં મોદી સાવ એકલા પડી ગયા છે. આ દેશ ખેતીપ્રધાન દેશ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની જ ખેડૂત પાંખ તરીકે કાર્યરત કિસાનસંઘ પણ આ વિધેયક પાછું ખેંચાય એવો પ્રયાસ કરી રહેલ છે. ચોમેરથી ઘેરાયેલો વડાપ્રધાનને સૌથી મોટો ડર અણ્ણા હજારેના આંદોલનનો છે. રામલીલા મેદાન ખાતે બે દિવસનાં પ્રતીક ધરણાં કરીને અણ્ણાએ એમને ચીમકી આપી જ દીધી છે. જો બિલ પાછું નહીં ખેંચાય તો ચાર મહિના પછી એ જ રામલીલા મેદાનમાં તેઓ આંદોલનનો નવો દોર શરૂ કરશે અને ધરપકડો વહોરશે. આખા દેશમાં ખેડૂતોને એક મંચ પર લાવવાનો આ સોનેરી અવસર વિપક્ષ માટે વણમાગ્યા વરદાન જેવો બની રહેશે. કેજરીવાલે ખુલ્લા શબ્દોમાં અણ્ણા આંદોલનને સમર્થન જાહેર કર્યું છે, એટલું જ નહીં પણ કેન્દ્ર સરકારને 'પ્રોપર્ટી ડીલર' - જમીન દલાલ સાથે સરખાવી છે. જમીનના જંત્રી મુજબના ચાર ગણા ભાવ કરતાં માર્કેટ રેટ ઘણો વધારે હોય છે, તે પણ કેજરીવાલે જાહેરમાં જ કહી સંભળાવ્યું છે. મૂંઝાયેલા વડાપ્રધાન બિલ પર સર્વસંમતિ સાધવા સર્વપક્ષીય બેઠક બોલાવવાનું વિચારતા હોય, પરંતુ એને ઉદ્યોગપતિઓને ગમતી મોદી ફોર્મ્યુલા સ્વરૂપે સ્વીકારવા ભાગ્યે જ કોઇ તૈયાર થશે. જીદમાં આવી જઇને બેઉ સદનોની સંયુક્ત બેઠક બોલાવી કદાચ વડાપ્રધાન આ વિધેયક પસાર કરાવી પણ દેશે તો એ સરવાળે એમને રાજકીય દૃષ્ટિએ મોંઘું જ પડવાનું છે એમાં શંકાને સ્થાન નથી.

## પિલવાઈ કોલેજમાં જ્ઞાનોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૬

આર્ટસ-સાયન્સ-કોમર્સ કોલેજ પિલવાઈમાં ગત ૨૩-૨૪ ફેબ્રુઆરીએ દ્વિદિવસીય જ્ઞાનોત્સવ દબદબાભેર ઉજવાયો હતો. જ્ઞાનોત્સવના પ્રથમ દિવસે સંસ્થાની ત્રણેય ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ સહઅભ્યાસકીય પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરાયું હતું. આર્ટસ ફેકલ્ટીમાં આયોજીત કાવ્યપઠન અને શ્લોકગાનમાં વિષયતજજ્ઞો, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી હતી. સાયન્સ ફેકલ્ટીમાં 'સાયન્સ સોસાયટી' દ્વારા કવીઝ વકતૃત્વ તથા સમુહચર્ચામાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો જયારે કોમર્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ માટે કવીઝ, વકતૃત્વ તથા સમુહચર્ચાનું આયોજન હાથ ધરાયું હતું.

જ્ઞાનોત્સવના દ્વિતિય દિવસે સંસ્થામાં વિજ્ઞાન-કલા-સાહિત્ય-વાણિજયના સુભગ સમન્વય સમું 'મહાપ્રદર્શન' યોજાયું હતું. આ મહાપ્રદર્શનમાં ત્રણેય ફેકલ્ટીના ૪૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા ૨૨૫ જેટલાં પોસ્ટર પ્રેઝન્ટ કરવામાં આવ્યા હતા. સાયન્સ ફેકલ્ટીના વિભાગો દ્વારા વિવિધ ચાર્ટ-મોડલ-નમુના-સાધનો-પ્રયોગોનું પણ નિર્દશન કરાયું હતું. સંસ્થાના 'કમ્યુનીટી સાયન્સ સેન્ટર' દ્વારા રજુ થયેલા વિજ્ઞાનના કુતુહલપ્રેરક મોડલ્સ અને અંધશ્રધ્ધા અંગેના પ્રયોગો વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સંસ્થાના આચાર્ય ડૉ. સંજય શાહ તથા અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલું આ યાદગાર પ્રદર્શન વિદ્યાર્થીઓની મોટી ભાગીદારીને લીધે સાચા અર્થમાં મહાપ્રદર્શન બની રહ્યું.

## હિન્દુસ્તાન સ્કાઉટ ગાઈડના શહેરના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૬





હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ્સના વર્ષ ૨૦૧૫-૧૬ માટે ગાંધીનગર શહેરના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં સિટી કમિશનર તરીકે પદમસિંહ ચૌહાણ, સેક્રેટરી તરીકે પંકજ ચૌહાણ, સિટી ઓર્ગેનાઈઝર કમિશનર તરીકે બિમલ બ્રહ્મક્ષત્રિય અને કિલ્લોલબેન સાપરિયાની નિમણુંક નેશનલ કમિશનર ભરતભાઈ પાઠક દ્વારા કરવામાં આવી છે. તેમ સ્ટેટ ઓર્ગેનાઈઝીંગ કમિશનર મનિષ પંડ્યાએ જણાવ્યું છે.

## બી.પી. કોલેજ ઓફ કોમ્પ્યુટર તથા એસ.કે. પટેલ મેનેજમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન





કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ (બીસીએ એન્ડ એમસીએ) અને એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝના સંયુક્ત ઉપક્રમે ૧૯૯૯થી ૨૦૧૪ સુધીના બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની અલ્યુમીનાય રીયુનિયનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૦૦થી વધારે વિદ્યાર્થીઓ એકત્રિત થયા હતા. 'કર ભલા હોગા ભલા'ના સુત્રને આગળ વધારીને સંસ્થા અને સમાજને ઉપયોગી થવાનો સંકલ્પ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો સંસ્મરણો યાદ કર્યા હતા. આમંત્રિત મહેમાન ડો. એસ.કે. મંત્રાલા, ડો. વિજય ચાવડા, પ્રો. ભદ્રેશ પંડયા અને એન.એન. જાની ઉપસ્થિત રહ્યા હતા. બી.સી.એ. અને એમ.સી.એ.ના સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## વિવિધતામાં એકતાના દર્શન કરાવતો વાર્ષિકોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૨૬

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. વાર્ષિકોત્સવમાં શાળાના ભુલકાઓએ વિવિધતામાં એકતાના દર્શન કરાવ્યા હતા. અલગ-અલગ રાજયના લોકપ્રિય ડાન્સ રજુ કર્યા હતા. જેમાં વેસ્ટર્ન ડાન્સ, નૃત્યો, ભરત નાટ્યમ રજુ કરી ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્વચ્છતા અભિયાન હેઠળ સ્વચ્છતા લાવવા પણ સમારોહમાં પ્રયત્નો કર્યા હતા. વર્ષ દરમિયાન અલગ અલગ પ્રવૃત્તિમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આર.એન. પ્રાયમરી સ્કુલના બાળકોએ વિધાનસભાની મુલાકાત લીધી

### મુખ્યમંત્રીએ રૂબરૂ મુલાકાત આપી સ્વાઈન ફલુ અંગે માહિતી આપી : ગૃહમંત્રી રજનીભાઈએ ધારાસભ્યોની કાર્યવાહી સમજાવી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની સે-૨૩ની કડી કેમ્પસની શાળા આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલના ધોરણ-૬માં અભ્યાસ કરતા ૮ બાળકોએ ગઈ કાલે અને આજે વિધાનસભા સત્રની મુલાકાત લઈ કાર્યવાહી નિહાળી હતી. આ બાળકોએ આજે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ ગૃહમંત્રી રજનીભાઈ પટેલની પણ મુલાકાત લીધી હતી.

આનંદીબેન પટેલની રૂબરૂ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ બાળકોને સ્વાઈન ફલુ અંગે માહિતી આપી તેનાથી સાવચેત રહેવાના પગલાં જણાવી તકેદારી આપવા અનુરોધ કર્યો હતો. આ સાથે આનંદીબેને બાળકોને નિડર બનવા અને સ્વરક્ષણ માટે સજ્જ રહેવા આહવાન કર્યું હતું. આ ઉપરાંત રાજયના ગૃહમંત્રી રજનીભાઈ પટેલની પણ બાળકોએ મુલાકાત લીધી હતી.



રજનીભાઈએ બાળકોને ધારાસભ્યોના વિકાસલક્ષી કાર્યોથી પ્રજાને કેવા લાભ થાય છે તેની માહિતી આપી હતી. વિધાનસભાની મુલાકાત દરમિયાન બાળકોને સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળો આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિધાનસભા સંકુલમાં પ્રદર્શન અને એકસલેટરની પણ મુલાકાત લીધી હતી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓએ વિધાનસભાની રચના અને કાર્યવાહી અંગે જાણકારી મેળવી જ્ઞાનમાં વધારો કર્યો હતો.

## આદર્શ નિવાસી શાળામાં શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સેકટર-૮ આદર્શ નિવાસી શાળામાં ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદનું પુસ્તક અને અંગ્રેજી શબ્દ કોષ ભેટ આપવામાં આવ્યા હતા. સમારોહમાં વિદ્યાર્થીઓને આશીર્વચન આપવામાં આવ્યા હતા. સમારોહમાં અતિથિ તરીકે તકેદારી અધિકારી વી.એલ. જાદવ, અરુણભાઈ બુચ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન ડી.એ. પટેલ અને આભારવિધિ એસ.કે. પરમારે કરી હતી. સમારોહમાં મોટી સંખ્યામાં બોર્ડના અને શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

## ડૉ. મુકેશ જોષીના ગઝલ સંગ્રહનું લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતી ભાષા અને ગુજરાતીઓમાં ગઝલ પ્રત્યે ચાહના વધવા પામી છે ત્યારે સરદાર સરોવર નર્મદા નિગમના જનરલ મેનજેર ડૉ. મુકેશ જોષીના ગઝલ સંગ્રહ 'ક્ષણોની મહેફિલ'નું લોકાર્પણ યોજવામાં આવશે. આગામી ૨૮ ફેબ્રુઆરી શનિવાર સાંજે ૫-૦૦ વાગે અમદાવાદ આશ્રમરોડ સ્થિત ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજાશે. જેમાં રાજેશ વ્યાસ 'મિસ્કિન' ધૂની માંડલિયા, હર્ષદ પંડયા 'શબ્દપ્રીત' પુલક ત્રિવેદી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામી કરશે.

## જે.એમ. ચૌધરી ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ સંસ્મરણો તાજા કર્યા હતા. ધો-૯ અને ધો-૧૧ના વિદ્યાર્થીઓએ શુભેચ્છા પાઠવી હતી. આચાર્યા શ્રી પ્રવિણાબેન ચૌધરીએ શુભેચ્છા અને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. ઉત્તમ પરિણામ લાવવા જણાવ્યું હતું.

વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મનોરંજન મંત્રી શ્રી અરૂણાબેન ચૌધરીએ કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

## ધોરણ-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓની હોલ ટીકીટનું ૩જીથી વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધો. ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૪ની માર્ચ-૨૦૧૫ પરીક્ષાની હોલ ટીકીટનું વિતરણ તા. ૩-૩-૨૦૧૫ના રોજ જિલ્લાના વિતરણ સ્થળોએ સવારના ૧૧.૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક દરમ્યાન થનાર છે. રાજ્યની દરેક ઉ.મા. શાળાના આચાર્યઓને વિનંતી છે કે પોતાની શાળાની હોલ ટીકીટો મેળવી લઈ વિદ્યાર્થીઓને તુરંત વિતરણ કરે અને આ બાબતે કોઈ રજૂઆત હોય તો સત્વરે બોર્ડની કચેરી ખાતે સંપર્ક કરે. તેમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે જણાવ્યું છે.

## રાજપૂત સમાજ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હોય તેમને માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ તા. ૨જી માર્ચના સવારે નવ લાગે રાજપૂત ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. પરીક્ષાનો ડર દુર કરી સારી રીતે પરીક્ષા આપી સફળતા મેળવવાની પધ્ધતિ અંગે નિષ્ણાત શ્રી મૌલિક સોની દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે સમાજના પ્રમુખશ્રી કરણસિંહજી વાઘેલા દ્વારા જણાવવામાં આવેલ છે.

## ભટ્ટ મેવાડા જ્ઞાતિનું સંમેલન મોકુફ રખાયું

ગાંધીનગર, તા.૨૬

સમસ્ત ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજ જ્ઞાતિનું સાતમું સંમેલન હિંમતનગર ખાતે તા. ૧-૩-૨૦૧૫ના રોજ યોજવામાં આવેલ હતું. રાજયના હાલના સ્વાઈન ફલુનાં રોગચાળા અનુસંધાને જાહેર હિતમાં આ સંમેલન મુલતવી રાખેલ છે જેની તમામ જ્ઞાતિજનોએ નોંધ લેવી. સંમેલનની આગામી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

## વકીલ તરીકે બે પક્ષોને લડતા ઝઘડતા ન રાખતા એમની વચ્ચે સમાધાન કરાવવાનો તેમનો કુટુંબ ઘડતરમાં કેળવાયેલો સ્વભાવ જીવન પર્યંત રહ્યો


વકીલાતનો વ્યવસાય વિશે એવી સમાજ સમજ છે કે બંને પક્ષ જયાં સુધી લડતા રહે ત્યાં સુધી વકીલનો ધંધો ચાલે. પણ વકીલાતના ધંધાર્થી તરીકે ગાંધીજી દક્ષિણ આફ્રિકા પહોંચ્યા ત્યારે તેમણે તો તેમના અસીલને સ્પષ્ટ કહી દીધું હતું કે 'શેઠ આ કેસમાં સમાધાન કરી લેવું હિતાવહ છે.'

દક્ષિણ આફ્રિકામાં પોતાના વ્યવસાયનો એકમાત્ર કેસ હોવા છતાં સત્ય ખાતર કેસ નહીં ચલાવવાની ગાંધીજીની એક વકીલને માટે ત્યાજ્ય એવી શિખ આપવાનું ચૂક્યા ન હતા. વકીલ તરીકે બે પક્ષોને લડતા ઝઘડતા ન રાખતા એમની વચ્ચે સમાધાન કરાવવાનો તેમનો કુટુંબ ઘડતરમાં કેળવાયેલો સ્વભાવ જીવન પર્યંત રહ્યો.

ઓગસ્ટ ૧૯૪૬માં બંગાળ પ્રાંતના નોઆખલીમાં સ્થાનિક સરકારના આશીર્વાદ સાથે લગભગ એક અઠવાડિયા સુધી પાશવી નરસંહાર ચાલ્યો. ડાંગર, શણ, નાળિયેર, કેળા, પપૈયા, લીચી, ફણસ, કેરી અને અનાનસ જેવા ધાન્ય અને ફળ પાકોથી કાયમી લચીલા રહેતા આ પ્રદેશને કોમી હુતાશને ઝપટમાં લીધો. નોઆખલીના આ રમખામો અણચિંતવ્યા કે અકસ્માત રૂપ નહોતા. કલકત્તામાં મુસ્લિમ લીગમાં 'સીધા પગલાં'ની નિષ્ફળતા બીજી કોમના લોકો કરતા મુસલમાનોની ઓછી સંખ્યાને આભારી હતી, એવી મુસ્લિમ લીગના નેતાઓની માન્યતા હતી. આ માન્યતાની એક અવળચંડી બાબત એવી એમના મગજમાં ફીટ બેસી ગઈ કે નિષ્ફળતાની ભરપાઈ કરવી હોય તો મુસલમાનોની સંખ્યા ઘણી મોટી હોય ત્યાં પ્રહાર કરવો જોઈએ. આ કુંઠિત વિચારનો અમલ કરવા માટે 'નોઆખલી' એકદમ અનુકૂળ હતું.

નોઆખલીની નિંદીત ઘટનાઓ સમયે દિલ્હીમાં ભંગી કોલોનીની નાનકડી ઓરડીમાં મહાત્મા ગાંધી સેવાગ્રામમાં પાછા ફરવાનું વિચારી રહ્યા હતા. અને બંગાળના સમાચાર આવ્યા ને તેમણે નિશ્ચય કરી લીધો કે દિલ્હી છોડીશ તો તે સેવાગ્રામ પાછા ફરવા માટે નહીં પણ બંગાળ જવા માટે જ. અને આમ તેમણે ૧૯૪૬માં તેમનાં જન્મદિનના મહિના ઓકટોબરમાં નોઆખલી જવા પ્રયાણ કર્યું.

કોઈનો પણ કાજી બનવાનો નહીં પરંતુ ઈશ્વરના સેવક તરીકે બંગાળ જાઉં છું, અશાંતિના અંગાર પૂરેપૂરા બુઝાય નહીં ત્યાં સુધી બંગાળ ન છોડવાનો તેમણે નિર્ધાર વ્યક્ત કર્યો હતો. પૂ. બાપુના જીવનના છેલ્લા પંદર મહિના દરમિયાન બંગાળ-બિહારનો કોમી દાવાનળ ઠારવા એકલવીર જેમ આત્મબળથી ચલાવેલા સંગ્રામની ઝાંખીનું મુ. પ્યારેલાલજીએ 'પૂર્ણાહૂતિ' પુસ્તકમાં શબ્દ ચિત્ર આલેખ્યું છે. પ્યારેલાલ પુસ્તકમાં નોંધે છે કે તેમના દિલમાં કરેંગે યા મરેંગેનો




નિર્ધાર આકાર લઈ રહ્યો હતો. તેનો પ્રજાને તેમણે પહેલી જ વાર ઈશારો આપ્યો.

(સંદર્ભ : ''આંસુ લૂછવા જાઉં છું...'' લેખક : પ્યારેલાલ, અનુવાદક : મણિભાઈ ભ. દેસાઈ, સંપાદક : મહેન્દ્ર મેઘાણી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪, વર્ષ : ૨૦૦૨)

ગાંધીજીના મંત્રી તરીકે ૨૮ વર્ષ સુધી કામ કરનાર પ્યારેલાલ નૈયર નોંધે છે કે 'કલકત્તા પહોંચીને ગાંધીજીએ પ્રાર્થના પ્રવચનમાં કહ્યું કે, મારા જુવાનીના દિવસોથી લડતાઝઘડતા પક્ષો વચ્ચે હું સમાધાન કરાવતો આવ્યો છું. હું વકીલાતનો ધંધો કરતો હતો ત્યારે પણ, પણ લડતા પક્ષોને અદાલતની બહાર પોતાનો ઝઘડો પતાવવામાં હું મદદ કરતો હતો. તો પછી હિંદમાં બે કોમો વચ્ચે એકતા અને સંપ શાને ન સ્થાપી શકાય? ભેગા રહેવાનો કે અલગ થવાનો, જે નિર્ણય કરવો હોય તે કરો, પણ તે ભાઈચારાની લાગણી અને પરસ્પર સમજૂતીથી કરવો જોઈએ તેવો સ્પષ્ટ ઉચ્ચાર તેમણે કર્યો હતો.'

દક્ષિણ આફ્રિકામાં જયારે અબ્દુલ્લા શેઠનો કેસ લડવા પહોંચ્યા ત્યારે વણનોતર્યા મહેમાન અને 'કુલી બારિસ્ટર'થી તુચ્છકાર પામેલા ગાંધીને ગોરાઓનાં હિંદી તરફના બુરા વ્યવહાર કઠ્યા હતા. અબ્દુલ્લા શેઠનો આખો કેસ સમજી લીધા પછી તેમને થયું કે લાંબા સમય સુધી વકીલો પાછળ પૈસા વેરવાનું ચાલુ રાખવાથી બંને પક્ષો ખુવાર થાય છે. પોતાના અસીલનું શોષણ કરી પૈસા વેરવાનું ચાલુ રાખવાથી બંને પક્ષો ખુવાર થાય છે. પોતાના અસીલનું શોષણ કરી પૈસા અને આબરુ કમાવાનું તેમને પસંદ નહોતું. વકીલ તરીકે સાચી ફરજ બંને પક્ષોને મેળ કરાવવાની છે. આ કેસમાં ઘર મેળે સમાધાન કરવા માટે સામા પક્ષને મળતા રહેવાની વાત કરીને અબ્દુલ્લા શેઠને પણ ચોંકાવી દીધા હતા. અલબત્ત તેમના સમાધાની પ્રયાસો છતાં કેસ વરસ સુધી લંબાયો પણ છેવટે તો બંને પક્ષને સંતોષ થાય તેવી રીતે જ કેસનો નિકાસ આવ્યો. ગાંધી પોતાના ઘર મેળે કેસ પતાવવાના વિચારમાં સફળ તો થયા પરંતુ મનોમન એમને બંને પક્ષને સંતોષ થાય તે માટે કાયદાનો આધાર ઉભો કરી શકે અને દાવાને મોંઘો બનાવી મૂકે એવા ધંધા તરફ તેમને ધૃણા થઈ આવી. વીસ વરસની વકીલાત દરમિયાન સેંકડો કેસોને અદાલતની બહાર પતાવી આપવામાં તેમણે મદદ કરી હતી.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે)